सत्यमेव जयते

| | |
|---|---|
| RECEIVED ON | 29-05-2026 |
| REGISTERED ON | 29-05-2026 |
| DECIDED ON | 01-06-2026 |
| DURATION | |
| YEAR:00 | MONTH:00 DAYS: 02 |

**<u>ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર</u>**

**<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૮૪૦/૨૦૨૬</u>**

**Ex - 8**

**દોશી આનંદ નરેશભાઈ,**
ઉ.વ. ૩૩, રહે. બી/૨૦૧, સિધ્ધિ ચક્ર,
વિસત પેટ્રોલ પંપની સામે, સાબરમતી,
ચાંદખેડા, અમદાવાદ–૩૮૨૪૨૪. ......... **અરજદાર**

**V/s.**

**૧. સરકારશ્રી,**
**૨. વિષ્ણુભાઈ ગાંડાભાઈ ના વારસદાર**
**મંજુલાબેન વિષ્ણુભાઈ,**
રહે. બી–૫૦૪, સન ફ્લીવર હાઈટસ,
કુડાસણ , ગાંધીનગર. ........ **સામાવાળા**

**<u>ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:</u>**
અરજદાર તર્ફે વિ.વકીલશ્રી. જે.આર.ચૌહાણ ,
સામાવાળાનં.૧ તર્ફે શ્રી. એચ.એન.રાવલ,
<u>સામાવાળા નં.૨ તર્ફે વિ.વકીલશ્રી આર.એ.પારેખ.</u>

**<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.</u>**

## –:: <u>જ જ મે ન્ટ</u> ::–

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ક્રિમીનલ અપીલ નં. ૫૮/૨૦૨૫ ના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–

૪૮૩ અન્વયે રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, આ કામના અરજદાર તા.૨૬/૫/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદાર સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામાં ટ્રાયલ અદાલત ધ્વારા સજા થયેલી છે. તેની સામે આપીલ પેડીંગ છે. જેમાં ગેરહાજર હેતા હોવાના કારણસર વોરંટનો આદેશ થયેલો હતો. તેથી અમો જયુડીશીયલ કસ્ટડીમાં છીએ.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, અમો અપીલની કાર્યવાહી દરમ્યાન નિયમીત હાજર રહીશું. ફરીયાદી સાથે સમાધાન થઈ ગયેલી છે. તમામ રકમ ચુકવી આપેલી છે. જે ધ્યાને લેતાં પણ રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**૩.૧** સામાવાળા નં. ૨ તરફેના વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર તરફ થી ફરીયાદ મુબની રકમ અમોને પરત ચુકવાઈ ગયેલી છે. જે ધ્યાને લેતા યોગ્ય આદેશ કરવા અરજ કરેલ છે.

**૪.૧** બન્ને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે ક્રિમીનલ અપીલ નં.૫૮/૨૦૨૫ ની પેન્ડીગ છે. જેમાં અરજદારને તેઓની ગેર હાજરી સબબ જામીન રદૃ કરી જયુડીશીયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ કરેલો છે. મુળ ફરીયાદી તરફથી આંક–૭ થી તેમના વિ.વકીલશ્રી મારફત આજરોજ પુરસીસ રજુ કરેલી છે જે મુજબ બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે. અન્ય કોઈ તકરાર પેન્ડીંગ હોય તેમ જણાતું નથી. આ હકીકત ધ્યાને લેતાં અરજદારને અપીલની કાર્યવાહી દરમ્યાન નિયમીત હાજર રહેવાની શરતે જામીન અરજી મંજુર કરવી યોગ્ય અને ન્યાયી જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**–:: હુકમ ::–**</u>

(૧) આ કામના **દોશી આનંદ નરેશભાઈ,** ઉ.વ. ૩૩, રહે. બી/૨૦૧, સિધ્ધિ ચક્ર, વિસત પેટ્રોલ પંપની સામે, સાબરમતી, ચાંદખેડા, અમદાવાદ–૩૮૨૪૨૪ નાઓની રેગ્યુલર જામીન મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ક્રિમીનલ અપીલ નં.૫૮/૨૦૨૫ ના કામે રૂ.૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ના સ્થાનીક સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધીત કોર્ટમા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામા આવે છે.

**શરતો :–**

૧. આ કામના અરજદાર/આરોપીએ તેમની સામેની અપીલના કામે દરેક મુદતે નિયમીતપણે બીનચુક હાજર રહેવું.

૨. આ કામના અરજદાર/આરોપીએ તથા તેમના જામીનદારે જામીન આપતી વખતે પોતાના રહેઠાણનુ પાકુ અને કાયમી સરનામુ (આધાર પુરાવા તથા ટેલીફોન/મોબાઈલ નંબર સહીત તથા તાજેતરના ફોટોગ્રાફ સહિત) નુ રજુ કરવું.

૩. આ કામના અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે પાસપોર્ટ ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે હકીકત સોગંદ પર જાહેર કરવી.

૪. હુકમ અંગે જરૂરી યાદી કરવી.

આ હુકમ આજ તારીખ**– ૦૧**લી માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ :૦૧–૦૬–૨૦૨૬.**
સ્થળ : ગાંધીનગર.

**( પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ )**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.

//PSP//